## GNLU ખાતે સેમિનારમાં નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના ચેરમેને ગોયલે કહ્યું...

# સસ્ટેનેબલ ગ્રોથ માટે ઈન્ડસ્ટ્રીઝ અને ઈકોલોજીનું બેલેન્સ જરૂરી

સિટી રિપોર્ટર

cbamdavad@gmail.com

'હાલ 'સસ્ટેનેબલ ડેવલપમેન્ટ' ગોલ પર માત્ર ઈન્ડિયા નહી પરંતુ સમગ્ર વિશ્વ ધ્યાન કેન્દ્રીત કરી રહ્યું છે ત્યારે ભારતમાં ઈન્ડસ્ટ્રીઝ અને ઈકોલોજી વચ્ચે બેલેન્સ કરીને આપણે સસ્ટેનેબલ ડેવલપમેન્ટના ગોલને એચિવ કરી શકીએ છીએ.' આ શબ્દો છે નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના ચેરમેન જસ્ટિસ આદર્શ કુમાર ગોયેલના જેમણે ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (જીએનએલયુ) ખાતે 'સસ્ટેનેબલ ડેવલપમેન્ટ' પર યોજાયેલા નેશનલ સેમિનારમાં વાત કરતા આ વાત કહી હતી.



આદર્શ કુમારે ઉમેર્યું હતું કે, ' સસ્ટેનેબલ ડેવલપમેન્ટના ત્રણ પિલર છે જેમાં પ્રથમ ઈકોનોમિક ગ્રોથ, બીજુ સોશિયલ ડેવલપમેન્ટ અને ત્રીજુ પર્યાવરણની જાળવણી આ ત્રણ પિલર પર કામ કરીને આપણે સસ્ટેનેબલ ડેવલપમેન્ટના ગોલને અચીવ કરી શકીએ છીએ. આ સમગ્ર વિશ્વ આ ત્રણ પિલર પર કામ કરી રહ્યું છે જે દિશામાં ભારત પણ કામ કરી રહ્યું છે. હવા, પાણી, જળ, આકાશ અને અગ્નિ એ કુદરતના પંચતત્વો છે, આપણે વિકાસ પાછળની આંધળી દોડને કારણે આ પંચતત્વોને નુકશાન પહોંચાડી રહ્યા છીએ આથી આપણે પંચતત્વોની રિસ્પેક્ટ કરીને પર્યાવરણ સાથે દેશને વિકાસની દિશામાં આગળ વધારવો જોઈએ. આ માટે પબ્લિક અવેરનેસ પણ જરૂરી છે.'

Scanned by TapScanner